ગુજરાત કાઉન્સિલ ઓન સાયન્સ એન્ડ ટેકનોલોજી, ગાંધીનગર માન્ય અને કલ્યાણ ફાઉન્ડેશન ટ્રસ્ટ, ભાવનગર સંચાલિત

# કલ્યાણ પ્રાદેશિક લોક વિજ્ઞાન કેન્દ્ર, ભાવનગર

" વિજ્ઞાન ભવન " પ્લોટ નં. ૨૨૦૬/૪-એ, સંસ્કાર મંડળ પાસે,
પંજાબ નેશનલ બેંકની બાજુમાં, હિલડ્રાઈવ, ભાવનગર-૩૬૪૦૦૧ (ગુજરાત)

**Phone** : 0278-2570110, 2570111 **Email** :krcscbhavnagar@yahoo.co.in **Website** : www.krcscbhavnagar.org

## અખબાર યાદી

Date : 23rd March, 2017

પ્રતિ,

તંત્રી શ્રી,

........................................................................, ભાવનગર.

કલ્યાણ પ્રાદેશિક લોક વિજ્ઞાન કેન્દ્ર, ભાવનગર દ્વારા **વિશ્વ જળ દિવસ નિમિતે**
**૧૬૪ વિદ્યાર્થીઓએ Waste Water Why ?** વિષય પરના પોતાના વિચારોનું ચિત્રાંકન કર્યું.

ગુજરાત સરકારના વિજ્ઞાન વિભાગ ગુજરાત કાઉન્સિલ ઓન સાયન્સ અને ટેકનોલોજી, ગાંધીનગર સંવર્ધિત અને કલ્યાણ ફાઉન્ડેશન ટ્રસ્ટ, ભાવનગર પ્રેરિત કલ્યાણ પ્રાદેશિક લોક વિજ્ઞાન કેન્દ્ર, ભાવનગર દ્વારા વિજ્ઞાન સમાજ ઉપયોગી બનાવવા અને પર્યાવરણ પ્રત્યે લોક જાગૃતિ લાવવા ૧૫ વર્ષથી વિવિધ દિવસોની ઉજવણી માટે અનેકવિધ કાર્યક્રમો દ્વારા કાર્યરત છે.

વિવિધ દિવસોની ઉજવણી અંતર્ગત ૨૨ માર્ચ 'વિશ્વ જળ દિવસ' નિમિત્તે કલ્યાણ પ્રાદેશિક લોક વિજ્ઞાન કેન્દ્ર, ભાવનગર દ્વારા ચમારડી પ્રાથમિક શાળા, ચમારડી, તા. વલભીપુર ખાતે તા. ૨૨ માર્ચ, ૨૦૧૭ સવારે ૮:૦૦ કલાકથી બપોરના ૧૨:૩૦ કલાક દરમ્યાન **Waste Water Why ?** વિષય પર ચિત્ર સ્પર્ધાનું આયોજન કરવામાં વ્યુ હતું.

વિદ્યાર્થીઓને વિશ્વ જળ દિવસનું મહત્વ સમજાવી પાણીની સજીવ સૃષ્ટિના જીવનનિર્વાહ માટેની અગત્યતા સમજાવવામાં આવી હતી. ત્યારબાદ Waste Water Why ? વિષય ચિત્ર સ્પર્ધામાં શાળાના વિદ્યાર્થીઓએ પોતાના મનમાં રહેલ પાણીનો વેડફાશ અને પ્રદુષણને ઓછુ કરવાના અથવા અટકાવવાના પોતાના અંગત વિચારોને રંગો વડે ડ્રોઈંગ સહિત પર ચિત્ર સ્વરૂપે રજુ કાર્ય હતા. કલ્યાણ પ્રાદેશિક લોક વિજ્ઞાન કેન્દ્ર, ભાવનગર દ્વારા ચિત્ર સ્પર્ધામાં ધોરણ ૫, ૬, ૭ અને ૮ એમ પ્રત્યેક ધોરણ માંથી પ્રથમ, દ્વિતીય અને તૃતીય કુલ ૧૨ શ્રેષ્ઠ ચિત્રોને પસંદ કરી પસંદ થયેલ વિદ્યાર્થીઓને પુરસ્કાર આપી પ્રોત્સાહિત કરવામાં આવેલ.

ઉપરોક્ત કાર્યક્રમમાં કુલ ૧૬૪ વિદ્યાર્થીઓએ ભાગ લીધો હતો. આ કાર્યક્રમને સફળ બનવા શાળાના આચાર્ય તેમજ સમગ્ર સ્ટાફનો સરાહનીય સહયોગ પ્રાપ્ત થયેલ. જે વિગતો કલ્યાણ પ્રાદેશિક લોક વિજ્ઞાન કેન્દ્ર, ભાવનગરના ચેરમેન ડૉ. ભાવેશભાઈ ભરાડની યાદીમાં જણાવેલ છે.

(હર્ષદ જોષી) 23.3.17
ઓફીસ ઇન્ચાર્જ,
કલ્યાણ પ્રાદેશિક લોક વિજ્ઞાન કેન્દ્ર, ભાવનગર.